# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર



અંકલેશ્વરના શખ્સે 'ડિસ્કો' એપ પર નફાની લાલચ આપી મિત્રતાના ઓઠા હેઠળ લાખો પડાવ્યા

## આણંદના નાવલીમાં ડોલર ટ્રેડિંગના નામે કરોડોની ઠગાઈનો ભાંડો ફૂટ્યો

**નાવલીના** ઝેરોક્ષ સંચાલક સાથે 95 હજાર ડોલરની છેતરપિંડી આચરી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

આણંદ ગ્રામ્ય પોલીસ મથક હેઠળના નાવલી ગામમાં રહેતા અને ઝેરોક્ષની દુકાન ચલાવતા એક મધ્યમવર્ગીય વેપારી ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટના નામે મોટી છેતરપિંડીનો ભોગ બન્યા છે. અંકલેશ્વરના એક શખ્સે અમેરિકન ડોલરમાં ટ્રેડિંગ કરી લાખોનો નફો મેળવવાની લાલચ આપી, ફરિયાદી પાસેથી અલગ-અલગ બહાને કુલ 95 હજાર યુ.એસ. ડોલર પડાવી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ છે.

આણંદ તાલુકાના નાવલી ગામમાં રહેતા રિતેશકુમાર ગોવિંદભાઈ ઠાકોરની ગામમાં ઝેરોક્ષની દુકાન ચલાવે છે. વર્ષ 2023માં તેમના પરિચિતના ભાઈ યશકુમાર દિલીપભાઈ પટેલ (રહે. અંકલેશ્વર) સાથે મુલાકાત થઈ હતી. યશકુમારે પોતે ઓનલાઈન ટ્રેડિંગ કરે છે અને 'સીએમસી' નામની કંપનીમાં રોકાણ કરવાથી મોટો નફો મળશે તેવી ખાતરી આપી હતી. શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે 200 ડોલરના રોકાણ સામે 800 ડોલરનો નફો બતાવી ફરિયાદીને લાલચમાં હોમ્યા હતાં.

દરમિયાનમાં યશકુમાર દિલીપભાઈ પટેલે 'DISCORD' નામની એપ્લિકેશન રિતેશકુમારને ડાઉનલોડ કરાવી હતી, જેમાં ફરિયાદીના નામે ડોલર ટ્રેડિંગ થતું હોવાનું દેખાતું હતું. જ્યારે ફરિયાદીએ નફો મેળવવા વિનંતી કરી, ત્યારે યશ પટેલે 'વિડ્રોઅલ' માટે પ્રોસેસિંગ ફી, ગેસ ફી, ફાઈન અને ટેક્સના નામે નાણાં માંગવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહીં, રિતેશકુમારને વિશ્વાસમાં લેવા માટે યશકુમારે દુબઈ જ્યુડિશિયલના નામે નકલી પીડીએફ ફાઈલો અને લેટર્સ પણ મોકલતો હતો. આણંદ ગ્રામ્ય પોલીસે આ મામલે આરોપી યશકુમાર દિલીપભાઈ પટેલ વિરુદ્ધ વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર ગૌરવ અમૃતભાઈ પટેલ ચલાવી રહ્યા છે.

### સર્વસ્વ ગુમાવવાનો વારો આવ્યો

નાવલીના રિતેશકુમાર ઠાકોરએ યશકુમાર પટેલની માયાજાળમાં ફસાઈને વ્યવસ્થા કરીને નાણાં ભર્યા હતાં. તેઓએ પત્નીના સોનાના દાગીના વેચી દીધા હતાં. આ ઉપરાંત સગા-સંબંધીઓ અને પડોશીઓ પાસેથી ઉછીના નાણાં લીધાં હતાં અને બેંક ક્રેડિટ કાર્ડ અને ઊંચા વ્યાજે લોન મેળવી. અંતે, નફો કે મુદ્દલ પરત ન મળતા અને આરોપી દ્વારા વધુ નાણાંની માંગણી ચાલુ રહેતા પોતે છેતરાયા હોવાનો અહેસાસ થતા પોલીસનો સંપર્ક કર્યો હતો.

## આણંદ: લાંચ કેસમાં બે મહિલા પોલીસ કર્મીના રિમાન્ડ લેવાયાં

**પુત્રવધૂની** અરજીમાં પતાવટ કરવા અને પાસપોર્ટ જપ્ત ન કરવા લાંચની માંગણી કરી હતી



(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

આણંદ શહેરના મહિલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી બે મહિલા પોલીસ કર્મચારીઓને ૧.૧૦ લાખ રૂપિયાની લાંચ લેતા એસીબીએ રંગેહાથ ઝડપી પાડ્યા બાદ, આજે તેમને કોર્ટમાં રજૂ કરી આગામી ૧૫મી તારીખ સુધીના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. આ કાર્યવાહીથી પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે.

સ્રોતો પાસેથી મળતી માહિતી મુજબ, ફરિયાદી અને તેમના પરિવાર વિરુદ્ધ તેમની પુત્રવધૂએ આણંદ મહિલા પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. આ અરજીના કામે પરિવારને હેરાન ન કરવા તેમજ ફરિયાદીના પુત્રનો પાસપોર્ટ જમા ન લેવા માટે વુમન આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર ગીતાબેન દોઠા અને વુમન હેડ કોન્સ્ટેબલ પુષ્પાબેન ગરાસીયાએ રૂ. ૧.૧૦ લાખની લાંચ માંગી હતી.

અલબત્ત, ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. અમદાવાદ શહેર એસીબીના પી.આઈ. એમ.આર. શેઠ અને તેમની ટીમે આણંદ રેલવે ગોદી પાસે ટ્રાફિક પોલીસ ચોકીની પાછળ છટકું ગોઠવ્યું હતું. આ દરમિયાન ગીતાબેન દોઠાએ લાંચની રકમ સ્વીકારતા જ એસીબીની ટીમે બંનેને દબોચી લીધા હતા. હાલમાં એસીબીએ લાંચની રકમ રિકવર કરી બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી, વધુ તપાસ આણંદ એસીબીને સોંપવામાં આવી છે. જે સંદર્ભે પોલીસ ઈન્સ્પેક્ટર આર.એન. વિરાણીએ બન્ને મહિલા પોલીસ કર્મચારીને કોર્ટમાં રજુ કરીને 15મી સુધીના રિમાન્ડ મેળવ્યાં છે. આ રિમાન્ડ દરમિયાન બન્નેની મિલકત સંબંધી પૂછપરછ કરવામાં આવશે.

## બોરસદ પાસે બે બાઈક અથડાતાં ચાલકનું મોત

**જાંખલાના** કૂવા પાસે પૂરઝડપે આવતી બાઈકે સામેથી આવતા યુવકને અડફેટે લીધો

(પ્રતિનિધિ) બોરસદ તા.૧૧

બોરસદ-પામોલ રોડ પર જાંખલાના કૂવા નજીક વડીયા તલાવડી પાસે ઈકો ગાડીને ઓવરટેક કરવા જતાં બાઈક ચાલકે સામેથી આવતા અન્ય બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં ઓવરટેક કરનાર બાઈક ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક યુવકને ગંભીર ઈજાઓ પહોંચી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પામોલના રહેવાસી અજયભાઈ જશભાઈ તળપદા (ઉ.વ. ૨૦) બોરસદથી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન વડીયા તલાવડી પાસેથી પસાર થતી વેળાએ સામેથી પૂરઝડપે અને બેફિકરાઈથી આવતી બાઈકે તેમની સ્પ્લેન્ડર બાઈકને અડફેટે લીધી હતી. આ અકસ્માત સર્જનાર ચાલકે આગળ જતી ઈકો ગાડીને ઓવરટેક કરવાનો પ્રયાસ કરતા આ ટક્કર સર્જાઈ હતી. આ અકસ્માતમાં અજયભાઈને પાસળી તેમજ કાંડાના ભાગે ગંભીર ફ્રેક્ચર સહિત શરીરે નાની-મોટી ઈજાઓ થઈ છે.

બીજી તરફ, અકસ્માત સર્જી પોતાનું મોત વહોરનાર અજાણ્યા બાઈક ચાલકનું કરમસદ શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. આ ઉપરાંત પ્લેટીના બાઈક પર સવાર અન્ય બે યુવકોને પણ વધતા-ઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી. સમગ્ર મામલે બોરસદ સીટી પોલીસે અકસ્માત સર્જનાર અજાણ્યા બાઈક ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પેટલાદના આવાસ લાંચ કેસમાં નગીન તળપદાની ધરપકડ થતાં પાલિકામાં સોપો પડ્યો

## પેટલાદ ACB કેસમાં નગીન મોઢું ખોલે તો કટકીનો રેલો નેતાઓ સુધી પહોંચે !

**પ્રધાનમંત્રી** આવાસ યોજનામાં ભાજપના કેટલાય નેતાઓ પણ ભાગીદારની ચર્ચા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૧

પેટલાદમાં પ્રધાનમંત્રી આવાસના લાભાર્થી પાસેથી કટકી લેતા ફિલ્ડ એન્જીનીયર જયેશ જાદવ એસીબીના છટકામાં ઝડપાઇ ગયો હતો. આ ગુનામાં સામેલ અન્ય એક નગીન તળપદા ફરાર હતો, જેની ગતરાત્રીએ ધરપકડ કરવામાં આવી છે. આ નગીન તયપદા ભાજપનો સક્રીય કાર્યકર છે. જો નગીન પોલીસ સામે મોઢું ખોલે તો ભાજપના કેટલાય નેતાઓ, આગેવાનો સુધી કટકીનો રેલો પહોંચી શકે છે.

પેટલાદમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી પાસેથી લાંચ લેવાના કેસમાં એસીબીએ તા.9 જુને વેપકોસના ફિલ્ડ એન્જીનીયર જયેશ જાદવની ધરપકડ કરી હતી. આ ગુનામાં વચેટિયો નગીન તળપદા સ્થળ ઉપર નહીં હોવાથી હાથ લાગ્યો ન્હોતો. પરંતુ ગતરાત્રીએ જ નગીન તળપદાની ધરપકડ કરવામાં આવી છે. આ નગીન તળપદા અને જયેશ જાદવ પીએમ આવાસ યોજનાના કટકી કૌભાંડમાં મુખ્ય સૂત્રધારો માનવામાં આવી રહ્યા છે. જ્યારથી પીએમ આવાસ યોજના 0.1 અને 0.2 અમલી બની ત્યારથી મોટા ભાગના લાભાર્થીઓ પાસેથી આ બંન્નેનો કોઈને કોઈ વહીવટ કરતાં હોવાનું જગજાહેર છે. આ ઉપરાંત નગીન તળપદા ભાજપનો સક્રીય કાર્યકર અને તળપદા સમાજનો નેતા માનવામાં આવે છે.

પેટલાદ પાલિકાની ગત ચુંટણીમાં સમાજના ઉમેદવારોની પસંદગીમાં નગીનની ભૂમિકા મહત્વની હતી. પાલિકાના પૂર્વ સત્તાધિશો અને અધિકારીઓ સહિત યોજના વિભાગના કર્મચારીઓ સાથે પણ ઘરોબો હતો. કેટલાય પૂર્વ સત્તાધિશો અને ભાજપના પદાધિકારીના ઈશારે આ બંન્ને કટકી કાઢતા હોવાનું જાણવા મળે છે. આ યોજના હેઠળ સરકાર ગ્રામ્ય કરતા શહેરી વિસ્તાર માટે સહાયની રકમ વધુ આપે છે. જેથી આ ફિલ્ડ એન્જીનીયર જયેશ જાદવ, તેનો સાગરીત નગીન તળપદા, પાલિકાના અધિકારી, યોજના વિભાગના કર્મચારીની મિલીભગતથી પેટલાદની નજીકના ગામડાઓમાં પણ ખોટા લાભાર્થીઓને લાભ આપ્યા હોવાનું છડે ચોક ચર્ચાઇ રહ્યું છે. કેટલાક ખોટા લાભાર્થીઓ એવા છે કે અરજી સાથે ફોટા જે સ્થળના હોય તેના બદલે આવાસ કોઈ બીજી જગ્યાએ બનાવ્યા હોય. આ ઉપરાંત યોજનાના નિયમોને નેવે મૂકી પાલિકામાં નોકરી, પાલિકામાં ચુંટાયેલા સભ્ય કે એક મકાન હોવા છતાં આવા ખોટા લાભાર્થીઓની અરજીઓ મંજુર કરાવી લાભ અપાવવામાં પણ આ જોડીની સંડોવણી હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે.

## આણંદમાં માતા-બહેને NRI પુત્રને ઘરમાં પ્રવેશતા રોક્યો

**જોઈન્ટ** એકાઉન્ટનો ઉપયોગ કરી ભાડું હડપ્યું હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

આણંદના વિદ્યાનગર રોડ પર આવેલી ચૈતન્ય ટ્વિન્સ સોસાયટીમાં કરોડોની મિલકતો પચાવી પાડવા અને ગેરકાયદે ભાડું વસૂલવાના મામલે સગા માતા અને બહેન સામે વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ છે. સ્વિટ્ઝરલેન્ડ (જિનીવા) ખાતે રહેતા અને ત્યાંનું નાગરિકત્વ ધરાવતા નિશાંત રાજેન્દ્રપ્રસાદ પટેલે પોતાની માતા પ્રતિક્ષાબેન અને અમેરિકા રહેતી બહેન રીનલબેન પટેલ વિરૂદ્ધ આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવ્યો છે.

આણંદના વતની નિશાંતના પિતાના વર્ષ ૨૦૨૨માં અવસાન બાદ મિલકત પચાવી પાડવાનો કારસો રચાયો હતો. જાન્યુઆરી ૨૦૨૬માં જ્યારે નિશાંત અને તેની પત્ની સામાજિક પ્રસંગે આણંદ આવ્યા, ત્યારે તેમની માતાએ તેમને પોતાના જ ઘરમાં પ્રવેશતા રોકી ધમકાવીને હાંકી કાઢ્યા હતા, જેના કારણે ફરિયાદીએ સાસરીમાં આશરો લેવો પડ્યો હતો.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, ચૈતન્ય હરિધામ સોસાયટી, ચૈતન્ય ટ્વિન્સ સોસાયટી અને સંકેત બિલ્ડિંગમાં આવેલી મિલકતો, જેમાં નિશાંતનો કાયદેસરનો હિસ્સો છે, તેને માતા-બહેને તેની સંમતિ વિના બારોબાર ભાડે આપી દીધી હતી. એટલું જ નહીં, સ્વર્ગસ્થ પિતાના જોઈન્ટ એકાઉન્ટનો ગેરકાયદે ઉપયોગ કરીને દુકાનોનું ભાડું પણ મેળવી લેવામાં આવતું હતું. હાલમાં આણંદ ટાઉન પોલીસે ગેરકાયદેસર મિલકત પચાવી પાડનાર માતા-પુત્રી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નડિયાદમાં જમીનના મુદ્દે વધુ એક મારામારીનો બનાવ બન્યો

## બિલોદરામાં જમીન માપણી વિવાદમાં બિલ્ડર પર હુમલો

**અક્ષય** બંગ્લોઝના કન્સ્ટ્રક્શન સાઈટ પર માર્જિનની જગ્યા બાબતે ૫ શખસ તૂટી પડ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૧

નડિયાદ-કપડવંજ રોડ પર આવેલા બિલોદરા ગામની સીમમાં અક્ષય બંગ્લોઝ સોસાયટીના કન્સ્ટ્રક્શન સાઈટ પર જમીન માપણી દરમિયાન માર્જિનની જગ્યાના વિવાદમાં પાંચ ઈસમોએ ગેરકાયદેસર મંડળી રચી હિંસક હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. કન્સ્ટ્રક્શનનું કામ કરતા બિલ્ડર અક્ષયકુમાર પટેલ અને તેમના કાકા પર પાડોશી જમીન માલિક અને તેના સાગરીતોએ હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે નડિયાદ રૂરલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, નવા બિલોદરામાં રહેતા અક્ષયકુમાર પટેલની બિલોદરા સીમમાં આવેલી જમીન પર 'અક્ષય બંગ્લોઝ' સોસાયટીનું કામ ચાલી રહ્યું છે. આ જમીનની બાજુમાં ભાનુભાઈ જોધાભાઈ ભરવાડની માલિકીની ખાલી જમીન આવેલી છે. ગત ૩જી જૂનના રોજ જ્યારે અક્ષયકુમાર અને તેમના કાકા સંદીપભાઈ સર્વેયરને લઈને જમીનની માપણી કરી રહ્યા હતા, ત્યારે ભાનુભાઈ ભરવાડ, કરશનભાઈ ભરવાડ, ડ્રાઈવર મુસ્તાકભાઈ મલેક અને અન્ય બે અજાણ્યા શખ્સો સ્કોર્પિયો ગાડીમાં ત્યાં આવી પહોંચ્યા હતા.

આ શખસોએ રોડના માર્જિનની જગ્યા પોતાની હોવાનું કહી ગાળાગાળી શરૂ કરી હતી. જ્યારે અક્ષયકુમારે આ ઘટનાનો મોબાઈલથી વીડિયો ઉતારવાનો પ્રયાસ કર્યો, ત્યારે ભાનુભાઈએ તેમનો ફોન પાડી નાખ્યો હતો અને માથામાં ઈંટ મારવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં વચ્ચે પડેલા સંદીપભાઈને ઈજાઓ પહોંચી હતી. આ મામલે અક્ષયકુમારે ૧૦મી જૂનના રોજ નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પાંચેય આરોપીઓ સામે બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

## કપડવંજ પાસે એસટી બસ અને કાર વચ્ચે અકસ્માત

**સહકારી** આગેવાન જયેશ પટેલ ઘવાતાં કપડવંજની હોસ્પિટલમાં ખસેડાયાં



(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૧

કપડવંજથી નડિયાદ રોડ ઉપર આવેલા તોરણા અને હીરાપુરા ગામ પાસે આજે એક એસટી બસ અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ખેડા જિલ્લાના જાણીતા સહકારી આગેવાન અને વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા જયેશભાઈ સી. પટેલ (નવાગામવાળા) ની કારને નડિયાદ થી મોડાસા-ખેડબ્રહ્મા તરફ જતી એસટી બસ સાથે ટક્કર થઈ હતી.

આ અકસ્માતમાં જયેશભાઈને શરીરના ભાગે ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક કપડવંજની હાર્દ હોસ્પિટલ (ડો. ઉમેશભાઈ શાહ) ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. બનાવની જાણ થતા જ સ્થાનિકો અને તંત્ર દોડતું થયું હતું. રાહતની વાત એ છે કે આ માર્ગ અકસ્માતમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

કપડવંજ એસ.ટી. ડેપો મેનેજર એન.એમ. કલ્યાણીના જણાવ્યા અનુસાર, આ અકસ્માત અંગેની તપાસ માટે નડિયાદ થી એસટી સત્તાવાળાઓની એક ખાસ ટીમ ઘટનાસ્થળે આવી પહોંચશે. આ ટીમ દ્વારા સ્થળ તપાસ કર્યા બાદ જ અકસ્માત કયા કારણોસર સર્જાયો તેની સત્તાવાર વિગત જાણી શકાશે.

વિદ્યાર્થીઓની લાગણી માન આપી કુલપતિએ બદલીનો નિર્ણય રદ કર્યો

## સરદાર પટેલ યુનિવર્સિટીનો હિન્દી વિભાગ તેના મૂળ ભવનમાં જ રહેશે

**લો વિભાગ** માટે હવે અન્યત્ર નવી વ્યવસ્થા કરાશે



(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી પ્રશાસન દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતો અને લાગણીઓને સર્વોચ્ચ અગ્રિમતા આપીને એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. યુનિવર્સિટીના કુલપતિ ડો. નિરંજનભાઈ પટેલે સત્તાવાર જાહેરાત કરી છે કે, યુનિવર્સિટી કેમ્પસ સ્થિત અનુસ્નાતક હિન્દી વિભાગને અન્ય કોઈ પણ જગ્યાએ ટ્રાન્સફર કરવામાં આવશે નહીં અને તે તેની મૂળ જગ્યાએ જ યથાવત રીતે કાર્યરત રહેશે.

સરદાર પટેલ યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા હિન્દી વિભાગના ભવનને ૪૫૦થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતા કાયદા વિભાગ માટે ફાળવવાનો નિર્ણય લેવાયો હતો. હિન્દી વિભાગને એસી કેબિન અને ડિજિટલ સેમિનાર હોલ જેવી આધુનિક સુવિધાઓ સાથે અન્યત્ર ખસેડવાનું આયોજન હતું. જોકે, આ ભવન સાથે જોડાયેલી વિદ્યાર્થીઓ અને સાહિત્ય પ્રેમીઓની ભાવનાત્મક સંસ્કૃતિને ધ્યાને રાખી વિવિધ સંગઠનો દ્વારા ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી.

આથી, કુલપતિએએ વિદ્યાર્થીલક્ષી અભિગમ અપનાવીને જણાવ્યું કે, યુનિવર્સિટીમાં કોઈ પણ નિર્ણય વિદ્યાર્થીઓ પર થોપવામાં આવતો નથી, પરંતુ સંવાદ દ્વારા ઉકેલ લાવવામાં આવે છે. આ નિર્ણય મુજબ, હિન્દી વિભાગની શૈક્ષણિક પ્રવૃત્તિઓ કોઈ પણ અવરોધ વિના તેના પરંપરાગત ભવનમાં જ ચાલુ રહેશે. જ્યારે કાયદા વિભાગ માટે યુનિવર્સિટી કેમ્પસમાં જ ટૂંક સમયમાં અન્ય જગ્યાએ અધ્યતન સવલતો સાથેનું નવું આંતરમાળખું ઊભું કરવામાં આવશે. કુલપતિના આ નિર્ણયને સમગ્ર યુનિવર્સિટી પરિવાર અને વિદ્યાર્થી જગતે હર્ષભેર વધાવી લીધો છે.

## એસપી યુનિ.ના પ્રોફેસર-વિદ્યાર્થિનીએ મહિલા સશક્તિકરણ પર સંશોધન કર્યું

**કચ્છની** મહિલાઓના ઉત્થાન પર કરાયેલા સંશોધન માટે ભારત સરકાર દ્વારા બે કોપીરાઈટ એનાયત







(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે હંમેશા મોખરે રહેતી વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીએ વધુ એક વખત રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગની એક પ્રતિભાશાળી ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલી મહિલા સશક્તિકરણ સંબંધિત બે વિશિષ્ટ સંશોધન કૃતિઓને ભારત સરકારના કોપીરાઈટ કાર્યાલય દ્વારા સત્તાવાર રીતે સ્વીકૃત કરી રજીસ્ટ્રેશન પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા છે.

આ ગૌરવપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરનારા સંશોધક ટીમમાં અર્થશાસ્ત્ર વિભાગની પીએચડી સ્કૉલર હેમાલી બારોટ, વિભાગના અધ્યક્ષા પ્રોફેસર ડો. કિંજલ આહીર તથા પ્રોફેસર ડો. જીજ્ઞેશ કે. બારોટનો સમાવેશ થાય છે. આ સંશોધકોએ ગુજરાતના કચ્છ જિલ્લાના સંદર્ભમાં સ્ત્રીઓની સામાજિક-આર્થિક સ્થિતિ સુધારવામાં સ્વ-સહાય જૂથોની ભૂમિકા પર ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે. વડાપ્રધાનની લખપતિ દીદી પહેલને વેગ આપતા આ સંશોધનમાં મહિલાઓના આર્થિક નેતૃત્વ અને આત્મનિર્ભરતા પર ભાર મૂકવામાં આવ્યો છે.

ભારત સરકાર દ્વારા ૧લી જૂન, ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા પ્રમાણપત્રો મુજબ બે કૃતિઓને કોપીરાઈટ એક્ટ, ૧૯૫૭ હેઠળ રક્ષણ મળ્યું છે. આમ વૈજ્ઞાનિક ઢબે તૈયાર કરાયેલી ગુજરાતી ભાષાની પ્રશ્નાવલીઓ આગામી સમયમાં સરકારી નીતિ-નિર્ધારકો, અર્થશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓ માટે ગ્રામીણ વિકાસ અને મહિલા કલ્યાણની યોજનાઓ વધુ સચોટ બનાવવા માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. વાઈસ ચાન્સેલર પ્રો. નિરંજન પટેલ અને રજિસ્ટ્રાર સહિતના શૈક્ષણિક પરિવારે આ સિદ્ધિ બદલ સંશોધકોની ત્રિપુટીને અભિનંદન પાઠવ્યા છે. આ પ્રોજેક્ટમાં SPU-SSIP-નવધારા અને સરદાર પટેલ સ્ટાર્ટઅપ અને આંત્રપ્રિન્યોરશિપ કાઉન્સિલ દ્વારા સહાય પૂરી પાડવામાં આવી હતી.

### કઇ બે કૃતિને કોપીરાઇટ મળ્યું ?

**સ્વ-સહાય જૂથના પ્રમુખ માટેની પ્રશ્નાવલી:** જે પ્રમુખ મહિલાઓની સામાજિક-આર્થિક સ્થિતિ અને નેતૃત્વનું મૂલ્યાંકન કરે છે

**બિન-સહાય જૂથની મહિલાઓ માટેની પ્રશ્નાવલી:** જે મહિલાઓ હજુ સુધી કોઈ જૂથ સાથે જોડાઇ નથી, તેમની આર્થિક જરૂરિયાતો અને ન જોડાવા પાછળના કારણોનો તુલનાત્મક અભ્યાસ કરે છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

મો. 99250 30225, મો. 99255 50225